સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઇન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

શોખ ઊંચા નથી અમારા, બસ જિંદગી જીવવાની રીત અલગ છે!


વર્ષ: ૧૧ ● અંક: ૨૨૯ ● તારીખ: ૧૮.૦૭.૨૦૨૬, શનિવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# જૈશ-એ-મોહમ્મદનું નેટવર્ક સ્થાપવાનો આતંકીઓનો ખૌફનાક મનસૂબો નિષ્ફળ

## ગુજરાત એટીએસની મોટી સફળતાઃ ૮ શંકાસ્પદ આતંકીઓના વધુ ૭ દિવસના રિમાન્ડ મંજૂર

**સમય સંદેશઃ અમદાવાદ/કડી**

ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદનું આતંકવાદી નેટવર્ક સ્થાપવાની દિશામાં કામ કરી રહેલા પાંચ શંકાસ્પદ આતંકીઓની પૂછપરછમાં ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (ATS) સમક્ષ અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. તપાસમાં મુખ્ય સૂત્રધાર બિલાલ શેરાની અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું બહાર આવ્યું છે, જે અમદાવાદના કઠવાડા વિસ્તારમાં આવેલી 'દિવ્યા પેલેસ હોટલ'માં વારંવાર રોકાતો હતો અને છેલ્લા એક વર્ષથી હોટલની ડોર મેટ્રિક્સ સુવિધાનો ઉપયોગ કરતો હતો. ઓનલાઈન પ્લેટફોર્મ પરથી ગનપાઉડર બનાવવા માટેની સામગ્રી મંગાવીને




આ આરોપીઓ વર્ષ ૨૦૨૩થી આઈઈડી બોમ્બ બનાવવાની પદ્ધતિ શીખી રહ્યા હતા અને છેલ્લા ત્રણ વર્ષમાં તેઓએ ૮ વખત બ્લાસ્ટની પ્રેક્ટિસ પણ કરી હોવાનો એજન્સીઓએ દાવો કર્યો છે. આરોપી મોહમ્મદ અમીન શેરા પાસેથી બોમ્બ બનાવવા માટેની સામગ્રી તેમજ તમામ આરોપીઓ પાસેથી ''એકેલા મુજાહિદ જિહાદ કેવી રીતે કરે'' જેવા જેહાદી વિચારધારા ધરાવતા સાહિત્ય અને ભડકાઉ પુસ્તકો મળી આવ્યા છે.

દેશવિરોધી આ મોટા ષડયંત્રના મૂળ સુધી પહોંચવા માટે ગુજરાત એટીએસ દ્વારા જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા હોવાના આરોપસર ઝડપાયેલા તમામ ૮ શંકાસ્પદ આતંકીઓને કડી

અનુ પાના નં.૨ પર

# જામનગરના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગઃ રાષ્ટ્રીય સુરક્ષા કાજે કમાન્ડોઝનું ફૂટ પેટ્રોલિંગ



**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)માં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા વર્તમાન ભૂરાજકીય તણાવ અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતની સુરક્ષા એજન્સીઓ અત્યંત સતર્ક બની છે. ગુજરાતના વ્યૂહાત્મક અને ઔદ્યોગિક દૃષ્ટિએ અતિ મહત્વના ગણાતા જામનગર જિલ્લાના દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને કોઈ દેશવિરોધી કાવતરા, ઘૂસણખોરી, હથિયારો કે નશીલા પદાર્થોની હેરાફેરી ન થાય તે માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ૧૭ જુલાઈના રોજ વિવિધ દરિયાકાંઠાના વિસ્તારોમાં વિશેષ ''સઘન કોસ્ટલ પેટ્રોલિંગ'' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જામનગરમાં આવેલા બંદરો, જેટીઓ અને ઓઈલ ટર્મિનલ જેવા સંવેદનશીલ સ્થાપનોની સુરક્ષા મજબૂત કરવાના આશય સાથે ''પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર''ના સિદ્ધાંત પર આ પ્રોએક્ટિવ ઓપરેશન યોજાયું હતું.

આ વિશેષ ઓપરેશન એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષાના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ. એમ. મુનિયા અને હજીરા મરીન ટાસ્ક ફોર્સના પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના નેતૃત્વમાં યોજાયું હતું. ગ્રાઉન્ડ લેવલ પર મરીન ટાસ્ક ફોર્સ જામનગર સેકટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી. એમ. બોપલિયા સહિતના મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમોએ એરફોર્સ રેન્જ, સરમતની નાળ, રસૂલનગર, જી.એસ.એફ.સી. જેટી/પ્લાન્ટ તેમજ સિક્કા સોલ્ટ ગેટ ચેનલ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા (ફૂટ) પેટ્રોલિંગ કરીને ઝીણવટભરી ચકાસણી કરી હતી.

પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની ટીમોએ દરિયાકાંઠાના અવાવરુ અને નિર્જન વિસ્તારો, વાઈટલ એરિયા, જેટીઓ તેમજ તેલ સંગ્રહ કેન્દ્રોની વિશેષ તપાસ કરી શંકાસ્પદ હિલચાલ અને બોટો પર ચાંપતી નજર રાખી હતી. આ ઉપરાંત, સુરક્ષા વ્યવસ્થામાં સ્થાનિકોની ભાગીદારી વધારવા માટે અધિકારીઓએ વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોની મુલાકાત લીધી હતી. માછીમારો સાથે સીધો સંવાદ સાધીને દરિયામાં કોઈપણ અજાણી બોટ કે શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવી હતી. દરિયાઈ સરહદોની અભેદ સુરક્ષા કાજે આગામી દિવસોમાં પણ આવા સઘન આકસ્મિક પેટ્રોલિંગ અભિયાનો સતત ચાલુ રાખવામાં આવશે તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

# ભારતીય રેલવેમાં નવો અધ્યાયઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની સૌપ્રથમ હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપી રવાના કરી



**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય રેલવેના ઇતિહાસમાં એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે હરિયાણાના જીંદ ખાતેથી દેશની સર્વપ્રથમ હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ ટ્રેન જીંદ અને સોનીપત વચ્ચે દોડશે, જેનાથી ભારત હવે પરિવહન ક્ષેત્રે હાઈડ્રોજન જેવી પવિત્ર અને સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ કરનારા વિશ્વના ગણ્યાગાંઠ્યા દેશોની યાદીમાં ગૌરવભેર સામેલ થઈ ગયું છે. 'ગ્રીન મોબિલિટી' તરફનું આ એક ક્રાંતિકારી પગલું છે, કારણ કે હાઈડ્રોજન ઈંધણથી પર્યાવરણમાં બિલકુલ પ્રદૂષણ ફેલાતું નથી અને તે ડીઝલ-ઇલેક્ટ્રિક ટ્રેનોનો શ્રેષ્ઠ પર્યાવરણલક્ષી વિકલ્પ બનશે. મુસાફરોની સુવિધા માટે આ હાઈડ્રોજન ટ્રેન અઠવાડિયામાં છ દિવસ કાર્યરત રહેશે, જે જીંદ જંકશનથી સોનીપત વચ્ચેની સફર બે કલાકથી વધુ સમયમાં પૂર્ણ કરશે. આ મુસાફરી દરમિયાન ટ્રેન જીંદ સિટી, પાંડુ પિંડારા, લલિત ખેડા, ભંભેવા, ઈશાપુર ખેડી, બુટાના, ખંદરાઈ, ગોહાના, રભડા, લાઠ, મોહાના અને બડવાસની સહિત કુલ ૧૪ સ્ટેશનો પર સ્ટોપેજ લેશે. સમયપત્રક અનુસાર, આ ટ્રેન દરરોજ સવારે ૭:૪૦ વાગ્યે જીંદથી ઉપડીને ૯:૪૦ વાગ્યે સોનીપત પહોંચશે, અને વળતી મુસાફરીમાં સોનીપતથી સવારે ૧૦:૩૦ વાગ્યે ઉપડીને બપોરે ૧:૦૦ વાગ્યે જીંદ પરત ફરશે. આ ટ્રેનની સૌથી મોટી વિશેષતા તેનું અત્યંત આકર્ષક અને સામાન્ય નાગરિકોને પરવડે તેવું ભાડું છે.

અનુ પાના નં.૨ પર

# ખેડૂતો માટે ખુશખબરઃ ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા'માં સુધારો, ૧૯૪૮ પછીના તમામ ભંગ પેનલ્ટી વગર નિયમિત કરાશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત સરકારે રાજ્યના લાખો ખેડૂતો, જમીન ધારકો અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે અંદાજે ૭૫ વર્ષ જૂના એટલે કે વર્ષ ૧૯૪૭ના 'ટુકડા ધારા'માં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. ખાસ વાત એ છે કે, આ સુધારાના ખરડાને રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ તરફથી પણ આખરી મંજૂરી મળી ગઈ છે, જેથી હવે આ નવો કાયદો અમલી બનશે. સરકારના આ નિર્ણયથી જમીન સંબંધી વિવાદો, કોર્ટ કચેરીના ચક્કર અને નાણાં તેમજ સમયનો થતો વ્યયનો અંત આવશે.

આ સુધારાની સૌથી મોટી અને ઐતિહાસિક રાહત એ છે કે, વર્ષ ૧૯૪૮થી લઈને અત્યાર સુધીના તમામ ટુકડા ધારાના ભંગના કિસ્સાઓને સરકાર કોઈપણ પ્રકારની દંડ કે પેનલ્ટી વસૂલ્યા વિના વિનિયમિત (નિયમિત) કરી દેશે. આ નિર્ણયથી ભૂતકાળમાં અજાણતા કે મજબૂરીમાં થયેલી ભૂલોના કારણે મુશ્કેલીમાં મુકાયેલા લાખો પરિવારોને કાયદાકીય કનડગતમાંથી કાયમી મુક્તિ મળશે. અત્યાર સુધી અલગ-અલગ વિસ્તારોમાં ટુકડા ધારાના અલગ-અલગ સ્થાનિક નિયમોના કારણે જમીનની લે-વેચમાં ભારે ગૂંચવાડો અને ભ્રષ્ટાચાર થતો હતો. હવે સરકારે આ સ્થાનિક ગૂંચવાડાઓનો કાયમી અંત આણી દીધો છે. નવા સુધારા મુજબ સમગ્ર ગુજરાત રાજ્યમાં હવે ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ લાગુ પડશે, જેથી જમીનના વ્યવહારો અત્યંત સરળ અને પારદર્શક બનશે.

શહેરોના ઝડપી વિકાસને વેગ આપવા માટે સરકારે બીજો એક મોટો નિર્ણય લીધો છે. હવેથી રાજ્યના તમામ શહેરી વિસ્તારોને ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણપણે મુક્ત કરી દેવામાં આવ્યા છે. આ ઐતિહાસિક છૂટછાટના કારણે શહેરી વિસ્તારોમાં બિનખેતીની પ્રક્રિયા સુપર ઝડપી બનશે. નવા બાંધકામો અને રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ ઝડપથી આકાર લઈ શકશે. જમીન લે-વેચના વ્યવહારોમાં આવતી કાયદાકીય અડચણો દૂર થતાં શહેરોનો સર્વાંગી વિકાસ ઝડપી બનશે. સરકારના આ નિર્ણયને પગલે ગુજરાતભરના ખેડૂત સંગઠનો

અનુ પાના નં.૨ પર

# પ્લાસ્ટિકની નોટો આવે છેઃ આરબીઆઈએ બહાર પાડ્યું ટેન્ડર

## કાગળની નોટો હવે અલવિદા થશેઃ ૧૦-૨૦ની નોટથી શરૂઆત થશેઃ પોલીમર પ્રકારની હશે નોટ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશમાં પ્લાસ્ટિક નોટો ટૂંક સમયમાં જોવા મળી શકે છે. RBI એ નોટો છાપવા માટે ઓપેસિફાઇડ પોલિમર સબસ્ટ્રેટ શીટ્સના ઉત્પાદન અને પુરવઠા માટે કંપનીઓ પાસેથી વૈશ્વિક ટેન્ડરો મંગાવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રાન પ્રાઈવેટ લિમિટેડે આ અંગે અખબારોમાં જાહેરાત આપી છે. આ કંપની RBI અને SPMCIL વચ્ચે સંયુક્ત સાહસ છે, જે એક સરકારી કંપની છે જે નોટો છાપે છે અને સિક્કા બનાવે છે. દેશમાં ટૂંક સમયમાં પ્લાસ્ટિક નોટો રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય બેંક, ભારતીય રિઝર્વ બેંક (RBI), દેશની ચલણ વ્યવસ્થામાં આ મોટા અને આધુનિક પરિવર્તન માટે તૈયારી કરી રહી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, RBI ટૂંક સમયમાં દેશમાં પોલિમર (પ્લાસ્ટિક) નોટો માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરી રહી છે. આ પાયલોટ પ્રોજેક્ટની સફળતા પછી જ દેશભરમાં મોટા પાયે પ્લાસ્ટિક નોટો જારી કરવામાં આવશે.એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પ્લાસ્ટિક નોટોનો સંપૂર્ણ પાયે રોલઆઉટ ૨૦૨૭ માં શરૂ થઈ શકે છે. આનો અર્થ એ છે કે આવતા વર્ષે દેશભરમાં પ્લાસ્ટિક નોટો ચલણમાં આવશે. આ હેતુ માટે વૈશ્વિક ટેન્ડર પણ જારી કરવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં, આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ફક્ત ૧૦ અને ૨૦ રૂપિયાની પોલિમર નોટો જારી કરવામાં આવે તેવી શક્યતા છે. બાદમાં, અન્ય મૂલ્યોની પોલિમર નોટો પણ જારી કરવામાં આવી શકે છે.

આ પ્લાસ્ટિક નોટોમાં અદ્યતન સુરક્ષા સુવિધાઓ શામેલ હશે જે નકલી નોટોને રોકવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે. વધુમાં, આ નોટો કાગળના ચલણ કરતાં વધુ સમય સુધી ચાલશે અને ઝડપથી ફાટશે નહીં. દેશમાં ચલણી નોટોની સુરક્ષા અને ટકાઉપણું સુધારવા માટે ભારતીય રિઝર્વ બેંકે એક મોટું પગલું ભર્યું છે. કેન્દ્રીય બેંકે આજે આ નોટો બનાવવા માટે જરૂરી ઓપેસિફાઇડ પોલિમર સબસ્ટ્રેટ શીટ્સ સપ્લાય કરવા માંગતી કંપનીઓ પાસેથી વૈશ્વિક ટેન્ડર આમંત્રિત કર્યા છે.

# જામનગરમાં વરસાદ ખેંચાતાં જળશંકટને હળવું કરવા માટે સૌની યોજનાથી પાણી મેળવાશે

## મચ્છુ-૨ ડેમમાંથી સૌની યોજનાનું ૫૫૦ એમસીએફટી પાણી શહેરને પાણી પુરૂં પાડતા, સસોઈ ઉન્ડ-૧ અને આજી-૩ ડેમમાં ઠલવાશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં વરસાદ ખેંચાતા જળસંકટ ઊભું થયું છે, ત્યારે જામનગર મહાનગરપાલિકા દ્વારા આખરે 'સૌની યોજના'નો આશરો લેવામાં આવ્યો છે. જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો ઝડપથી ઘટી રહ્યો હોવાથી મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર સમક્ષ વધારાના પાણીની માંગણી કરી હતી. તેના અનુસંધાને સૌની યોજના હેઠળ આગામી દિવસોમાં મચ્છુ-૨ ડેમમાંથી કુલ ૫૫૦ એમસીએફટી પાણી જામનગર જિલ્લાના સસોઈ, ઊંડ-૧ અને આજી-૩ ડેમોમાં ઠલવાશે.

હાલ શહેરની અંદાજે ૭ લાખની વસ્તી માટે મહાનગરપાલિકા દરરોજ આશરે ૧૫૦ એમએલડી પીવાનું પાણી વિતરણ કરાય છે. અને એકાંતરા પાણી વિતરણ થાય છે. આ માટે રણજીતસાગર, ઊંડ-૧, સસોઈ અને આજી-૩ ડેમ ઉપરાંત જરૂરિયાત મુજબ નર્મદા લાઇનમાંથી પણ પાણી લેવામાં આવે છે. વર્તમાન સ્થિતિ મુજબ રણજીતસાગર ડેમમાં પાણીનો જથ્થો ઓગસ્ટના અંત સુધી ચાલે તેવી શક્યતા છે, જ્યારે સસોઈ, ઊંડ-૧ અને આજી-૩ ડેમમાં રહેલું પાણી જુલાઈ મહિનાના અંત સુધી જ પૂરતું રહે તેવી સ્થિતિ છે. વરસાદમાં વિલંબ થતાં શહેરમાં જળસંકટ ઊભું ન થાય તે માટે તાત્કાલિક 'સૌની યોજના'નું પાણી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાએ આજી-૩ ડેમ માટે ૨૦૦

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના માળખામાં ધરખમ ફેરફારઃ ચાર મહત્વના વોર્ડના હોદ્દેદારોની નિમણૂક

**સમય સંદેશઃ જામનગર**

સંગઠનને પાયાના સ્તરેથી વધુ વેગવાન અને મજબૂત બનાવવાના હેતુથી જામનગર મહાનગર બક્ષીપંચ મોરચા દ્વારા વિવિધ વોર્ડના સંગઠનાત્મક માળખાની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. શહેર સંગઠન પ્રભારી ધનસુખભાઈ ભંડેરી અને શહેર પ્રમુખ બીનાબેન કોઠારી સાથેના સુવ્યવસ્થિત વિચાર-વિમર્શ બાદ આ નવીન વરણીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિરલ બારડ તેમજ મહામંત્રીઓ મયુર સિંઘવ અને મોહન ગઢવી દ્વારા આ નિમણૂકો તત્કાલ અસરથી લાગુ કરવા માટે સંયુક્ત યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ નવીન જાહેરાત અનુસાર, વોર્ડ નંબર ૩ માં સંગઠનની બાગડોર રમેશચંદ્ર ખેંગારભાઈ સાપરીયા (પ્રમુખ)ને સોંપાઈ છે, જ્યારે તેમની સાથે મહામંત્રી તરીકે પરેશ જગદીશભાઈ ભાવસાર અને જયદિપભાઈ શૈલેષભાઈ ફટાણીયા કાર્યભાર સંભાળશે. વોર્ડ નંબર ૪ માં નવીન રમેશભાઈ સરવૈયાને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમની સાથે મહામંત્રી તરીકે અજય દલપતભાઈ પરમાર અને નિલેશ જેઠલાલ સ્વનિયા સંગઠનનું કામ સંભાળશે.

જ્યારે વોર્ડ નંબર ૭ ની

અનુ પાના નં.૨ પર

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર જાપાની એન્જિનિયરના આક્ષેપોને ભારતે ફગાવ્યાઃ ૨૦૨૭નું લક્ષ્યાંક યથાવત



**સમય સંદેશઃ નવીદિલ્હી**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મેનેજમેન્ટ અને ભારતના વલણ પર એક પૂર્વ જાપાની રેલવે એન્જિનિયર હિદેકી માકિહારા દ્વારા સોશિયલ મીડિયા પર ઉઠાવવામાં આવેલા સવાલો અને ''અવિચારી'' વલણના આક્ષેપોને ભારતીય વિદેશ મંત્રાલયે સખત શબ્દોમાં ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટ કર્યું છે કે, આ ટિપ્પણીઓ માત્ર એક વ્યક્તિનો અંગત અભિપ્રાય છે અને તે ભારત-જાપાન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સહયોગને પ્રતિબિંબિત કરતી નથી, તેમજ આ પ્રોજેક્ટનું બાંધકામ હવે બંને દેશોની સૌહાર્દપૂર્ણ ચર્ચા વચ્ચે અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યું છે. આ સાથે જ ભારતે સત્તાવાર જાહેરાત કરી છે કે કોરિડોરનો પ્રથમ કાર્યરત વિભાગ પોતાના નિર્ધારિત લક્ષ્યાંક મુજબ વર્ષ ૨૦ animation (2027) માં જ શરૂ થઈ જશે. પ્રોજેક્ટમાં વધુ વિલંબ ન થાય તે માટે બંને દેશોએ પરસ્પર સહમતિથી એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે અંતર્ગત જાપાનની

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### સરહદ પર ઉશ્કેરણી !

ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા જવાબ આપ્યો, સરહદ પારની ઉશ્કેરણીનો જમ્મુ અને કાશ્મીરના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પૂર્ણ રાજ્યનો દરજ્જો સોંપવા માટે વિશ્વાસ કરવો જોઈએ કે નહીં તેના પર કોઈ તાર્કિક લેવાદેવા નથી. તેના બદલે, સ્થાનિક ફરિયાદોનો ઉકેલ લાવવા માટે ચૂંટાયેલા નેતાઓને સશક્ત બનાવવા એ એક રીત છે જે રાજ્ય અસંતોષમાં પરિણમે તે પહેલાં ચિંતાઓને દૂર કરે છે. આ અસંતોષ દાયકાઓ સુધી કાશ્મીર ખીણમાં વિવિધ સમયગાળાના બળવાને વેગ આપે છે. કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને મણિપુરને પણ જે રીતે સંભાળી રહી છે તે મોટી લઘુમતી વસ્તી ધરાવતા આ સરહદી વિસ્તારો સાથેના વ્યવહારમાં ચિંતાજનક પેટર્ન દર્શાવે છે. ઉત્તર, પશ્ચિમ અને હવે પૂર્વમાં તેના વર્ચસ્વનો વિશ્વાસ ધરાવતા ભાજપ આ રાજ્યોના નાગરિકોની ચિંતાઓને નકારી કાઢતી દેખાય છે. આવો દ્રષ્ટિકોણ ટૂંકી દ્રષ્ટિનો છે. એવું લાગે છે કે ભાજપ રાજકીય ગણિત નિર્ણાયક રીતે તેની તરફેણમાં ન આવે ત્યાં સુધી રાજ્યના મુદ્દાને મુલતવી રાખવામાં સંતુષ્ટ છે. તે પહેલાથી જ સીમાંકન દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં ગણિત બદલવાનો પ્રયાસ કરી ચૂક્યું છે. સુપ્રીમ કોર્ટ, સંસદ અને જમ્મુ અને કાશ્મીરના લોકોને આપેલા વચનોની અવહેલના કરીને રાજકીય પરિસ્થિતિઓ પોતાને માટે અનુકૂળ બને તેની રાહ જોવાની ભાજપને આદિમ આદત છે. દરેક બાબતમાં પોતાના સ્વાર્થને જોવા અને બંધારણીય રીતે રાજ્યના અધિકારો અને પ્રજાને લાગણીની ઉપેક્ષા કરવી એની ભાજપને ધીરે ધીરે ટેવ પડી ગઈ છે ભાજપને એટલી ખબર છે કે આવા પ્રશ્નો રોજ તો ટેબલ પર આવવાના નથી અને દેશમાં પણ વિપક્ષો એટલા બુદ્ધિમાન તો નથી કે આક્રમક રીતે આ પ્રશ્નોને ગંભીર ગણીને એને બૃહદ સ્વરૂપ આપી સરકાર સામે રજૂ કરે. નબળા વિપક્ષનો ઘોર ગેરલાભ લેવામાં ભાજપ હાઈકમાન્ડ પાવરધા છે ને એના પર જ એનું પાવર પોલિટિક્સ ચાલે છે. કાશ્મીર એક રમણીય પ્રદેશ છે. સરકાર જો એમ માનતી હોય કે કાશ્મીર માત્ર શ્રીમંતોનું સ્વર્ગ છે તો એ સરકારની ભૂલ છે. આ મામલે નવી દિલ્હી દ્વારા નિષ્ક્રિયતા માટેનું સમર્થન ખૂબ જ જટિલ રહ્યું છે. એક શબ્દના જાદુ પર કેન્દ્ર સરકારે કાશ્મીરમાં રાજકીય પ્રવૃત્તિઓ અને પ્રજાનું શાસન અટકાવી રાખ્યું છે અને એ શબ્દ છે – સુરક્ષા. ગયા વર્ષના અંતમાં, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ડિમાન્ડ કરતી અરજીની સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલે પહેલગામ હુમલાનો ઉલ્લેખ કરીને આ જ દલીલનો ઉપયોગ કર્યો હતો. પરંતુ આ દલીલમાં હવે કોઈ તર્ક નથી.



## હાલારના હાલહવાલ



# જામનગરમાં સિંધી સમાજના આસ્થાના પ્રતીક સમાન ૪૦ દિવસીય ‘ચાલીહા વ્રત-અનુષ્ઠાન મહોત્સવ’નો ભક્તિભાવપૂર્વક મંગલ પ્રારંભ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વસતા સિંધી સમાજના ઇષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલજીના પરમ પવિત્ર ‘ચાલીહા વ્રત-અનુષ્ઠાન મહોત્સવ’નો ગઈકાલે તારીખ ૧૬ જુલાઈથી અત્યંત ભક્તિમય માહોલમાં પ્રારંભ થયો છે, જે આગામી ૨૫ ઓગસ્ટ સુધી ચાલશે. મહોત્સવના પ્રથમ દિવસે પરમ પૂજનીય સંત શ્રી શહેરાવાળા સાંઈજીના સાનિધ્યમાં નાનકપુરીના સંત કંવરરામ મંદિર ખાતેથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જે પવનચક્કી સર્કલ પાસે આવેલી વેજુમા હાલારી ભાનુશાલી સમાજની વાડીએ પહોંચી હતી. ત્યાં પૂજ્ય ભહેરાણા સાહેબનું પૂજન, સંતશ્રીના આશીર્વચન અને સિંધી મ્યુઝિકલ ભજન સાથે હજારો જ્ઞાતિજનો માટે ભંડારા પ્રસાદનું દિવ્ય આયોજન એસ.એસ.ડબલ્યુ સાંઈ પરિવાર અને ચાલિહા સાહેબ સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ૪૦ દિવસીય કઠોર વ્રત પાછળ એક ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ છુપાયેલું છે. હજારો વર્ષ પૂર્વે સિંધ પ્રાંતના ક્રૂર મુસ્લિમ શાસક મિરખશાહના અત્યાચારો અને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તનના દબાણથી બચવા માટે સિંધી સમુદાયે સિંધુ નદીના કિનારે ૪૦ દિવસ સુધી કઠોર ઉપવાસ અને સાધના કરી ભગવાનને રીઝવ્યા હતા. લોકવાયકા મુજબ, આ સાધનાના અંતે ભગવાન શ્રી ઝૂલેલાલજીએ ધરતી પર વરુણદેવ (જળદેવતા) તરીકે અવતાર લઈ ધર્મની રક્ષા કરી હતી અને લીલાઓ રચીને જલ તથા જ્યોતિના સંગમમાં અંતર્ધ્યાન થયા હતા. ભગવાનના આ જ્યોતિ સ્વરૂપ આદેશને માન આપીને સિંધી સમાજ આજે પણ દરેક શુભ પ્રસંગે ‘ભહેરાણા સાહેબ’ (જલ-જ્યોતિ સંગમ) પૂજા અર્ચના કરી તેને જલમાં પ્રવાહિત કરે છે.

આ આત્મશુદ્ધિ અને તપસ્યાના મહોત્સવ દરમિયાન વ્રતધારીઓ ૪૦ દિવસ સુધી ૪૦થી વધુ અત્યંત કઠિન નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. અનુષ્ઠાન કરનારા શ્રદ્ધાળુઓ આ દિવસોમાં વાળ-દાઢી કરાવતા નથી, શારીરિક સૌંદર્ય પ્રસાધનો, પલંગ કે ખુરશીનો ત્યાગ કરી જમીન પર સૂવે છે, તેમજ ચામડાની વસ્તુઓ અને નશીલા પદાર્થોથી દૂર રહીને કેવળ સાત્વિક-શાકાહારી ભોજન ગ્રહણ કરે છે. ગૃહસ્થ જીવનથી દૂર રહીને અને બહારનું ખાવા-પીવાનો સંપૂર્ણ ત્યાગ કરીને વ્રતધારીઓ દરરોજ મંદિરે આરતી-દર્શનનો લાભ લે છે અને ૪૧મા દિવસે પરંપરાગત રીત-રિવાજ મુજબ વિધિવત રીતે આ વ્રતની પૂર્ણાહુતિ કરી પુનઃ સાંસારિક જીવનમાં પ્રવેશ કરે છે.

# ડિફેન્સ કોલોનીમાંથી અંગ્રેજી દારૂ ઝડપાયો



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી સી ડિવિઝન પોલીસ મથકની સર્વેલન્સ સ્કોડે શહેરના ડિફેન્સ કોલોની વિસ્તારમાંથી વિવિધ બ્રાન્ડની દારૂની ૬૪ બોટલના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. જપ્ત કરાયેલા દારૂની કુલ ૩૭,૩૭૯ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

જામનગરમાંથી દારૂના દૂષણને નાબૂદ કરવા સીટી સી ડિવિઝન પોલીસ સર્વેલન્સ સ્કોડ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે ડિફેન્સ કોલોનીમાં ગાયત્રી મંદિર નજીક આવેલા એક રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન મહેશ હરધોળભાઈ વલાણી (રહે. સેનાનગર, માધવ પાનવાળી ગલી, જામનગર)ના અંગ્રેજી દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૬૪ બોટલનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે અંદાજે ૩૭,૩૭૯નો મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી તેની સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ સમગ્ર કાર્યવાહીમાં પીએસઆઈ આર.એલ. કંડોરિયા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફ ફરજ પર હાજર રહ્યો હતો.

# જામ-ખંભાળીયામાં હાનિકારક ઘી વેંચતી વૃધ્ધાની ધરપકડઃ ૧૫ કિલો માલનો નાશઃ ફૂડ સેમ્પલ લેવાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં અહીંના ગાયત્રીનગર વિસ્તારમાં આવેલી પોલીસ લાઈન પાસે અમરીબેન પુનાભાઈ કચણાભાઈ ધોડા (રહે. ઓખા મંડળ) નામના ૭૦ વર્ષના વૃદ્ધ મહિલા દ્વારા ભેળસેળયુક્ત દેશી ઘી નું વેચાણ કરવામાં આવતું હોવાની માહિતી પરથી એસ.ઓજી.ની ટીમ દ્વારા તેમને વિવિધ પ્રકારના હાનિકર્તા કેમિકલ મિશ્રિત શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘીના જથ્થા સાથે ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં પોલીસે શંકાસ્પદ ઘી નો ૧૫ કિલોગ્રામ જથ્થો કબજે કરી તેનો નાશ કર્યો હતો. આ ઘી ની કિંમત રૂપિયા ૩,૩૦૦ જાહેર થઈ છે. આ અંગે ફૂડ વિભાગને જાણ કરી, ઘી ના સેમ્પલો લઈને ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી એસ.ઓ.જી.ના પી.આઈ. વી.એ. રાણાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. સજુભા જાડેજા, હરદીપસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને વિજયસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ફલ્લા ગામે આઈશ્રી મચ્છુ માતાજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈઃ મહાપ્રસાદ



જામનગર તાલુકાના ફલ્લા ગામે શ્રી સમસ્ત બાંભવા પરિવાર ફલ્લા મઢ દ્વારા ફલ્લા ગામ ધ્રાંગડા ગામે આવેલ શ્રી મચ્છુ માતાજીના મંદિર સુધીની પગપાળા શોભાયાત્રાનો કાર્યક્રમ યોજાઇ ગયો. કલાકારોના રાસ ગરબા તથા ડીજેના તાલે ફલ્લા ગામેથી સમસ્ત બાંભવા પરિવાર આ શોભાયાત્રામાં જોડાયો હતો. ત્યાં મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો. સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. આ શોભાયાત્રામાં ભરવાડ સમાજના સંતશ્રી બાલારામ બાપુ જોડાયા હતા.

# મહંત દેવપ્રસાદજીએ જન્મદિવસ નિમિત્તે જેલને વાસણો અને રમકડાંની ભેટ આપી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પવિત્ર અષાઢી બીજ અને મહંત દેવપ્રસાદજી મહારાજના જન્મ દિવસના મંગલમય અવસરે જામનગર જિલ્લા જેલ ખાતે એક વિશેષ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ ખાસ પ્રસંગે જેલના બંધુઓ અને આશ્રિતો માટે સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે વિવિધ ઉપયોગી વસ્તુઓનું દાન કરવામાં આવ્યું હતું. જિલ્લા જેલ પ્રશાસનની પ્રત્યક્ષ હાજરીમાં જેલની જરૂરિયાત મુજબના રસોઈ માટેના મોટા વાસણો તેમજ જેલ પરિસરમાં રહેતા નાના બાળકો માટે ઘોડિયા અને રમકડાંઓ અર્પણ કરવામાં આવ્યા હતા. જેલ પ્રશાસને આ ઉમદા અને સંવેદનશીલ કાર્ય બદલ તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરના તપોવન કોલોનીમાં જૈનમુનીનું વ્યાખ્યાન



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની તપોવન કોલોની ખાતે આચાર્ય મેઘદર્શન સુરીશૂરીજીના શિષ્યરત્ન દિવ્યશરણ વિજયજી મહારાજશ્રીના વ્યાખ્યાનનું આયોજન અભયભાઇ વિનોદરાય દોશી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન શ્રવણનો સોસાયટીના લોકોએ લાભ લીધો હતો. મહરાજશ્રીએ શ્રવકોને તેમના જીવનમાં નિતય ધર્મકાર્ય-પૂજાને સ્થાન આપવા અનુરોધ કર્યો હતો. વ્યાખ્યાન બાદ દોશી પરિવાર તથા સોસાયટીના જૈન પરિવારો દ્વારા દેરકને પ્રભાવના કરવામાં આવી હતી.


## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### પરિણીતા ઉપર હુમલો

(પાના નં. ૪ થી આગળ)

તેના ત્રણ અજાણ્યા સાગરિતોએ પરિણીતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન પથ્થરમારો કરતાં પરિણીતાના દિયર સતીશને માથાના ભાગે ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બુટલેગરો પાસા

(પાના નં. ૪ થી આગળ)

જોશીના વડપણ હેઠળ પી.એસ.આઈ. એમ.આર. સવસેટા દ્વારા બંને આરોપીઓને રાઉન્ડ અપ કરી, અને પાછા વોરંટની બજવણી કરી, આરોપી રણમલભા સામરાભા ઉર્ફે સામળાભા સુમણીયાને કચ્છ - ભુજની પાલારા ખાસ જેલ ખાતે તેમજ રાયદે ટપુભા કેરને નર્મદા જિલ્લાની રાજપીપળા જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

### બનેવી ઝડપાયો

(પાના નં. ૪ થી આગળ)

લાગ્યા હતા. પરિસ્થિતિ બેકાબૂ બનતાં પરિવારજનોએ રાત્રે ૧૧૨ જનરક્ષક સેવાને જાણ કરી હતી. માહિતી મળતાં જનરક્ષકની ટીમ સ્થળ પર પહોંચી નારાયણપ્રસાદ યાદવને સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ આવી હતી. પોલીસ દ્વારા પંચોની હાજરીમાં તપાસ કરતાં તેમની આંખો નશાથી લાલ જણાઈ હતી, બોલવામાં થોતરાટ હતો, અને શરીરનું સંતુલન જાળવી શકતા નહોતા. પાસ-પરમિટ અંગે પૂછતાં તેમણે કોઈ પરમિટ ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમ ૬૬(૧)(બી) અને ૮૫(૧) હેઠળ ગુનો નોંધી ધોરણસર અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### જુગાર રમતાં આઠ

(પાના નં. ૪ થી આગળ)

અબ્દુલભાઈ સમા (ઉ.વ. ૪૨) અને રીઝવાન જુસબભાઈ સમા (ઉ.વ. ૩૫)ને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. તેમના કબજામાંથી રોકડા ૧૨,૭૫૦ તથા ગંજીપત્તાના ૫૨ પાનાં મળી આવ્યા હતા.

### બેકાબુ ટ્રક

(પાના નં. ૩ થી આગળ)

થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. આ વિચિત્ર અકસ્માતને લઈને દિગજામ સર્કલ વિસ્તારમાં પસાર થતા અન્ય વાહન ચાલકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. આ બનાવની જાણ થતા મહાનગરપાલિકાના ટિમ અને સીટી સી. ડિવિઝનની પોલીસ ટિમ ઘટના સ્થળે દોડી ગઈ છે અને વધુ તપાસ શરૂ કરી છે.

### સગાઈ તૂટી જવાના કારણે

(પાના નં. ૩ થી આગળ)

રહે. રડાર રોડ, ગોરબાપા પાન સામેની ગલી, ગોકુલનગર, જામનગર) અગાઉ ખંભાળિયા ખાતે સગાઈ થઈ હતી. બાદમાં પારિવારિક કારણોસર સગાઈ તૂટી જતાં તે ગુમસુમ રહેતી હતી. કોઈની સાથે ખાસ વાતચીત કરતી ન હતી અંતે કોઈ કારણસર કંટાળી જઈ તેણીએ તા. ૧૬ જુલાઈના રોજ સવારે ૧૦થી બપોરે ૩ વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે તેણે પોતાના ઘરે સાડી વડે પંખા સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

બનાવ અંગે કર્મકાંડ સાથે જોડાયેલા મૃતકના પિતા જયંતીલાલ અમૃતલાલ આચાર્યએ પોલીસને જાણ કરતાં પોલીસે દોડી જઇ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

### બે પગ સલવાયા

(પાના નં. ૩ થી આગળ)

ત્યારે આખલો મુક્ત થયો હતો. ગૌ સેવા સંસ્થાના આશુતોષ પાઠક અને અન્ય ગૌસેવકોએ ઘટના સ્થળે જઈને પોતાની સંસ્થાની ગાડી મંગાવીને આખલાને સારવાર માટે મોકલ્યો હતો. તેઓ જણાવે છે કે, આ ઘટનામાં આખલાના બંને પગ ભાંગી ગયા છે. તેથી તે મુજબ તેની સારવાર કરવામાં આવશે. મોરબીના કાનજીભાઈ સંચાલિત વૃંદાવન ગૌશાળામાં આખલાના પગની સારવાર શરૂ કરી હતી.

### ખંભાળિયામાં ૩૭

(પાના નં. ૩ થી આગળ)

બંને શખ્સોની અટકાયત કરી હતી. દારૂની બાટલીઓ તેને ધ્રોલ તાલુકાના ખાખરા ગામના રહીશ વિજયગીરી જગદીશગીરી ગોસાઈ નામના શખ્સ પાસેથી મેળવી હોવાનું કબૂલતા પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ બંને આરોપીઓની અટકાયત કરી, અન્ય આરોપી વિજયગીરી ગોસાઈને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર કાર્યવાહી ખંભાળિયાના પી.આઈ. સી.આર. રાણાના માર્ગદર્શન હેઠળ સંવેદન સ્ટાફના હરપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા અને કાનાભાઈ લુણાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### જૈશ-એ-મોહમ્મદ

(પાના નં. ૧ થી આગળ)

કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉ કોર્ટે આ તમામ આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા, જે પૂર્ણ થતાં એટીએસ દ્વારા કોર્ટ સમક્ષ વધુ ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. સરકારી પક્ષની રજૂઆત હતી કે આરોપીઓ પાસેથી મળેલા ટાઈમ બોમ્બ સંબંધિત સંવેદનશીલ મુદ્દાઓ, જૈશ-એ-મોહમ્મદના ભડકાઉ સાહિત્ય અને અન્ય ડિજિટલ પુરાવાઓના આધારે સમગ્ર આંતરરાષ્ટ્રીય સ્તરના નેટવર્ક અને તેના સંપર્કોની કડીઓ મેળવવા માટે વધુ પૂછપરછ અનિવાર્ય છે. આગામી સાત દિવસના આ વધારાના રિમાન્ડ દરમિયાન એટીએસ વિવિધ ટેકનિકલ, ડિજિટલ અને ફોરેન્સિક પુરાવાઓના આધારે આતંકી સંગઠનના સ્લીપર સેલ અને સંભવિત મોટા આતંકી ષડયંત્રના કાવતરાને સંપૂર્ણપણે બેનકાબ કરવા તપાસને વધુ વેગ આપશે. કડી કોર્ટે બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળ્યા બાદ એટીએસની અરજીને આંશિક રીતે ગ્રાહ્ય રાખીને તમામ ૮ આરોપીઓના વધુ ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### જામનગર શહેર ભાજપ

(પાના નં. ૧ થી આગળ)

જવાબદારી વિમલ અમૃતલાલ ટંકારીયા (પ્રમુખ) તેમજ હર્ષદ રાજાભાઈ કેશવાલા અને સુમીત રામભાઈ કેશરીયા (મહામંત્રી) ના શિરે રહેશે. આ જ રીતે વોર્ડ નંબર ૮ માં પ્રમુખ પદે અવધ જગદીશભાઈ પાણખાણીયાની વરણી કરવામાં આવી છે, જ્યારે મહામંત્રી તરીકે કૌશિક કમલેશભાઈ અજમેરીયા અને વિનોદ ત્રિભોવનભાઈ તારબુદિયા સક્રિય ભૂમિકા ભજવશે. આગામી સમયમાં પક્ષની વિચારધારાને જન-જન સુધી પહોંચાડવા માટે જાહેર કરાયેલી આ યાદીની નકલ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતના મોવડી મંડળને પણ રવાના કરી દેવામાં આવી છે.

### ભારતીય રેલવે

(પાના નં. ૧ થી આગળ)

રેલવે તંત્ર દ્વારા આ રૂટ પર મુસાફરી કરવા માટે ન્યૂનતમ ભાડું માત્ર ૫ રૂપિયા અને સોનીપત સુધીનું મહત્તમ ભાડું માત્ર ૨૫ રૂપિયા નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ ભારતીય રેલવેના ભવિષ્યને પ્રદૂષણમુક્ત બનાવવાની દિશામાં એક મોટો ગેમ-ચેન્જર સાબિત થશે અને સ્થાનિક મુસાફરો માટે અત્યંત આર્થિક તેમજ સુવિધાજનક બની રહેશે.

### ‘ટુકડા ધારા’માં સુધારો

(પાના નં. ૧ થી આગળ)

અને જમીન ધારકોને રાહત થશે. આ સુધારાથી માત્ર વહીવટી પ્રક્રિયા જ સરળ નહીં બને, પરંતુ જમીનની લે-વેચમાં પારદર્શિતા આવવાથી સામાન્ય લોકોને મોટી રાહત મળશે અને વિવાદોનું પ્રમાણ નહિવત થઈ જશે.

### જામનગરમાં વરસાદ

(પાના નં. ૧ થી આગળ)

એમસીએફટી, ઊંડ-૧ માટે ૨૦૦ એમસીએફટી અને સસોઈ ડેમ માટે ૧૫૦ એમસીએફટી પાણીની માંગણી કરી હતી. રાજ્ય સરકાર અને પાણી પુરવઠા તંત્રની મંજૂરી બાદ આ પાણી મચ્છુ-૨ ડેમમાંથી સૌની યોજનાના નેટવર્ક મારફતે પહોંચાડવામાં આવશે. આયોજન મુજબ પ્રથમ મચ્છુ-૨ ડેમમાંથી પાણી પમ્પિંગ દ્વારા આજી-૩ ડેમમાં પહોંચાડવામાં આવશે.

ત્યારબાદ સૌની યોજનાની લિંક મારફતે ઊંડ-૧ અને સસોઈ ડેમમાં પણ પાણી ઠલવાશે, જેથી જામનગર શહેરને આગામી સમયગાળા દરમિયાન પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધતા જળવાઈ રહે. જામનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર દિપેશ કેડિયા ના માર્ગદર્શન હેઠળ તેમજ આસી.કમિશનર ભાવેશ જાની ઉપરાંત વોટરવર્કર્સ શાખાના મુખ્ય ઇજનેર નરેશ પટેલ તથા તેઓની ટીમના અલ્પેશ ચારણીયા વગેરે દ્વારા સમગ્ર આયોજન અંગેની યોજના ઘડી કાઢવામાં આવી છે.

ગત વર્ષે જિલ્લામાં ઓક્ટોબર સુધી સારો વરસાદ પડતાં ડેમો, ચેકડેમો અને તળાવો ભરાઈ ગયા હતા, જેના કારણે જૂન માસના અંત સુધી પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહ્યો હતો. ઉપરાંત ફેબ્રુઆરીથી મે દરમિયાન પણ સૌની યોજના હેઠળ વિવિધ જળાશયોમાં પાણી પહોંચાડવામાં આવ્યું હતું. જોકે આ વર્ષે વરસાદમાં વિલંબ થતાં ફરી એકવાર સૌની યોજના શહેર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

(પાના નં. ૧ થી આગળ)

આગામી પેઢીની 'E10 શિંકનસેન’ ટ્રેન હજુ રિસર્ચ અને વિકાસ હેઠળ હોવાથી અને તે ૨૦૩૦ના દાયકાની શરૂઆતમાં સપ્લાય થઈ શકે તેમ હોવાને કારણે, પ્રારંભિક તબક્કામાં ભારતીય હાઇ-સ્પીડ ટ્રેનનો ઉપયોગ કરીને જ ઓપરેશન શરૂ કરવામાં આવશે.

વિદેશ મંત્રાલયે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના સિગ્નલિંગ સાધનોનો ઓર્ડર પહેલેથી જ આપી દેવાયો છે અને જાપાન તરફથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થાનો નવો પ્રસ્તાવ મળ્યો નથી. જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીની સસ્તા વ્યાજની લોનથી બની રહેલો આ પ્રોજેક્ટ બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીનું પ્રતીક છે અને તેને સમયસર સફળ બનાવવા બંને પક્ષો સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.


## નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂં છું કે, મારૂ નામ સુધારીને ‘ધાળા અસદ શબીરભાઈ’માંથી ‘અસદ શબીર ધાળા’ કરેલ છે, જેની સર્વેએ નોંધ લેવી.

**સરનામુંઃ બેંક કોલોની રોડ, જય અંબે સોસાયટી, આરંભડા, તા. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા**

# બંદર ઉપર માછીમારી બોટની પુરતી પાર્કિંગ વ્યવસ્થાનો ભારે અભાવ

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યભરમાં હાલ ચોમાસાને લઇને ત્રણ મહિના સુધી માછીમારી પર પ્રતિબંધ છે ત્યારે જામનગર જિલ્લાના બંદરો પર આશરે ૫૦૦ જેટલી માછીમારી બોટો રાખવા માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી માછીમારો ભારે મુશ્કેલી અને આર્થિક નુકસાનનો સામનો કરી રહ્યા છે. આથી બોટ માટે સુરક્ષિત પાર્કિંગ સહિત બંદરો પર સુવિધાઓ વિકસાવવાની માંગ સાથે જામનગર માછીમાર એસો.ના પ્રમુખ અનવર સંઘાર દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરાઇ છે.

રજુઆતમાં જણવાયા અનુસાર કિનારે જામનગરના દરિયા માછીમારોની બોટ રાખવા માટે પાર્કિંગ કે ખુલ્લા પ્લોટની વ્યવસ્થા ન હોવાથી માછીમારો પોતાની કિંમતી બોટો દરિયાકિનારે અથવા અસુરક્ષિત સ્થળોએ રાખવા મજબુર બને છે પરિણામે બોટોને નુકસાન થવાની ભીતિ રહે છે.બીજી



તરફ જામનગર જીએમબી વિભાગ દ્વારા લાંબા સમયથી નનુસાર કાદવ-કિચડ દૂર કરવાની કામગીરી ન કેનારે થતાં બોટો કાદવમાં ફસાઈ જાય છે. વાર્કિંગ અથવા દરિયાઈ પાણીની થપાટે વાથી એકબીજા સાથે અથડાતી હોવાથી ખોટો નુકસાન થાય છે. આ ઉપરાંત જેટી ક્ષિત વિસ્તારમાં રેલવે પાટા માટે માટી છે અને મોરમ નાખવામાં આવી હોવાથી પ્રીતિ હવે બોટો પાર્ક કરવા માટે પૂરતી નર જગ્યા રહી નથી.

બંદર સહિતના કેટલાક સ્થળોએ મરીન અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સત્તાવાળાઓ દ્વારા બોટો ઉભી રાખવા દેવામાં કે આવતી ન હોવાનો પણ આક્ષેપ કરાયો છે. બંદરો પર પીવાના પાણી, શૌચાલય અને પૂરતી લાઈટ સહિતની સુવિધાઓનો પણ અભાવ હોવાથી માછીમારો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમ રજૂઆતના અંતમાં અનવર સંધારે જણાવાયું છે.

# જામનગરમાં ઉદ્યોગનગરના શ્રમિકોને ઇ સિટી બસનો મળશે લાભ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં શરૂ કરવામાં આવેલી આધુનિક 'સિટી ઈ-બસ સેવા'નો લાભ વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે અને ખાસ કરીને જીઆઈડીસી સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત શ્રમિકો તથા કામદાર વર્ગને રોજિંદા અવરજવરમાં સસ્તું, સુરક્ષિત અને આરામદાયક જાહેર પરિવહન ઉપલબ્ધ બને તે હેતુથી જીઆઈડીસી એસો.ના હોદ્દેદારો અને સભ્યો સાથે મહત્વ પૂર્ણ જાગૃતિ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન મહાનગરપાલિકાના અધિકારીઓએ સિટી ઈ-બસ સેવાના રૂટ, સમયપત્રક, ભાડું, સુવિધાઓ તેમજ



તસવીરઃ હિરેન ગાંધી

પર્યાવરણમૈત્રી પરિવહનના ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ઉદ્યોગોના પ્રતિનિધિઓને તેમના એકમોમાં કાર્યરત શ્રમિકો અને કર્મચારીઓને ઈ-બસ સેવાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચર્ચા દરમિયાન જણાવાયું હતું કે દરરોજ મોટી સંખ્યામાં શ્રમિકો શહેરમાંથી જીઆઈડીસી અને અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં અવરજવર કરે છે. આવા શ્રમિકોને ઓછા ખર્ચે, આરામદાયક અને વિશ્વસનીય પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવામાં સિટી ઈ-બસ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ સેવા દ્વારા શ્રમિકોના સમય અને ખર્ચમાં બચત થવા ઉપરાંત ખાનગી વાહનો પરની નિર્ભરતા પણ ઘટશે. બેઠકમાં જાહેર પરિવહનના વધુ ઉપયોગથી ટ્રાફિકનું ભારણ ઘટાડવા, ઇંધણની બચત કરવા, વાયુ પ્રદૂષણમાં ઘટાડો લાવવા અને જામનગરને વધુ સ્વચ્છ, હરિયાળું અને પર્યાવરણમૈત્રી શહેર બનાવવામાં સૌના સહયોગનું મહત્વ પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું.

અંતે સૌને અપીલ કરવામાં આવી હતી કે રોજિંદા જીવનમાં શક્ય તેટલો વધુ જાહેર પરિવહનનો ઉપયોગ કરે અને સિટી ઈ-બસ જેવી આધુનિક સેવા અપનાવી સ્વચ્છ, સુરક્ષિત અને હરિયાળા જામનગરના નિર્માણમાં સહભાગી બને.

# જામનગરમાં દિગ્જામ સર્કલમાં બેકાબુ ટ્રક અંદર ઘૂસ્યોઃ રેલિંગને ભારે નુકસાન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં દિગ્જામ સર્કલથી ખોડીયાર કોલોની તરફના માર્ગે નવીનીકરણ થઈ રહ્યું છે અને અહીં પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, ત્યારે એક ટ્રકનો ચાલક આજે સવારે બેકાબૂ બન્યો હતો. જે ચાલકે પોતાના વાહન ઉપરથી કાબુ ગુમાવી દીધો હતો, અને મધ્યમાં રહેલા દિગ્જામ સર્કલ ની રેલિંગ તોડીને અંદર ઘૂસ્યો હતો, તેથી ભારે નુકસાની થઈ છે. જોકે ટ્રક ચાલક અથવા અન્ય કોઈને ઈજા

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી

# દ્વારકામાં અજાણ્યા વાહનની ઠોકરે વૃદ્ધાનું કમકમાટીભર્યુ મૃત્યુ

## ખંભાળિયામાં યુવાને ઝેરી દવા પી લેતા મૃત્યુ

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં જલારામ સોસાયટી વિસ્તારમાં રહેતા જયાબેન વ્રજલાલભાઈ ગોકાણી નામના ૬૩ વર્ષના વૃદ્ધા બુધવારે સાંજના સમયે દ્વારકાના શિશુ મંદિર સામેના માર્ગ પરથી ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક જઈ રહેલા એક અજાણ્યા મોટર સાયકલના ચાલકે જયાબેનને અડફેટે લેતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત સર્જીને આરોપી મોટરસાયકલ ચાલક પોતાનું વાહન લઇને નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ બનાવ અંગે દ્વારકા પોલીસે અશ્વિનભાઈ ચુનીલાલ ગોકાણી (ઉ.વ. ૮૨) ની ફરિયાદ પરથી અજાણ્યા મોટરસાયકલ ચાલુ સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

ખંભાળિયાના સલાયા ગેઈટ વિસ્તારમાં રહેતા સિકંદરભાઈ લતીફભાઈ શેખ નામના ૪૫ વર્ષના યુવાને ગત તા. ૯ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના હાથે ઝેરી દવા પી લેતા તેમને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પુત્ર હસન સિકંદરભાઈ શેખએ અહીંની પોલીસને કરી છે.

# જામનગરમાં ખાણીપીણીની ૮૪૨ દુકાનોમાં તપાસણી બાદ અનેકને નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે તંત્ર દ્વારા છેલ્લા એક સપ્તાહથી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણીપીણીની લારીઓ, ગલ્લાઓ, હોટેલો, રેસ્ટોરન્ટ્સ તેમજ બેકરીઓ પર એસ.આઈ. (સેનિટરી ઈન્સ્પેક્ટર) ની ટીમ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

આ તપાસ દરમિયાન અનેક જગ્યાએ સ્વચ્છતાનો અભાવ અને નિયમોનું ઉલ્લંઘન જોવા મળતા તંત્ર દ્વારા કડક વલણ - અપનાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આવી ખાણીપીણીની ચીજવસ્તુઓ વેચતા કુલ ૮૪૨ દુકાનદારોને સ્વચ્છતા જાળવવા અંગેની કડક નોટિસો ફટકારવામાં આવી છે. આ નોટિસ દ્વારા તમામ વેપારીઓને પોતાની દુકાનો કે વ્યવસાયના સ્થળે કચરાનો યોગ્ય નિકાલ કરવા, ચોખ્ખાઈ રાખવા અને ખાદ્ય પદાર્થોને ઢાંકીને રાખવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

તંત્રના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આ સૂચનાઓનું પાલન કરવામાં નહીં આવે અને આગામી દિવસોમાં બેદરકારી કે ગંદકી જોવા મળશે, તો તેવા દુકાનદારો અને વેપારીઓ સામે સીધા દંડની અને કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં પણ આ સ્વચ્છતા ચેકિંગ અને નોટિસ આપવાની કામગીરી ખૂબ જ જોરશોરથી ચાલી રહી છે, જેના કારણે નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# જામનગરમાં સગાઇ તૂટી જવાના કારણે માનસિક તણાવમાં રહેતી યુવતિએ કરી લીધો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ મોત વ્હાલું કરી લેતા પરિવારમાં અરેરાટી મચી ગઇ છે. પ્રાથમિક તપાસમાં સગાઈ તૂટી જવાને કારણે તે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં રહેતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ચોપડે નોંધાયેલી સત્તાવાર માહિતી મુજબ મૃતક જ્યોતીબેન જયંતીલાલ આચાર્ય (ઉ.વ. ૨૨

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં દિકરી અંગે પૂછપરછ કરતાં મા-બાપ ઉપર કરાયો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર રડાર ગેટ પાસે મારુતિનગર શેરી નં. ૬માં રહેતા પાનીબેન રાણાભાઈ ધનાભાઈ વાઘેલાએ આરોપી ભાવનાબેન ભરતભાઇ ગતર, ઢબુબેન (રહે-બન્ને શંકરટેકરી સુભાષાપરા શેરી નં.૧ જામનગર) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર દીકરી લાપતા બનતા ફરિયાદી અને તેના પતિ શંકરટેકરી સુભાષપરા શેરી નં. ૧ ખાતે આરોપીઓના ઘરે દીકરી અંગે પૂછપરછ કરવા ગયા હતા. આ દરમિયાન આરોપી ભાવનાબેન ભરતભાઈ ગતર અને ઢબુબેન અચાનક ઉશ્કેરાઈ ગયા હતા. બંનેએ ફરિયાદી દંપતી સાથે ઝપાઝપી અને માથાકૂટ કરી હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ભૂંડી ગાળો બોલી ઢીકા-પાટુનો માર માર્યો હતો. ઉપરાંત ફરીથી તેમના ઘરે આવશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ટ્રેકટરમાંથી ભાગવા જમ્પ મારનાર આખલાના બે પગ સલવાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની પશુ પકડતી ટીમ ખંભાળીયા-લાલપુર બાયપાસ વચ્ચે પકડેલા આખલાને ટ્રોલીમાં પુરીને ડબ્બા ખાતે લઈ જતી હતી. ત્યારે સાંઢીયા પુલ પાસે આખલાએ ટ્રોલીની છ ફુટ ઉંચી જાળી ટપી જવા જમ્પ મારતાં તેના પાછલા બે પગ સલવાઈ જતાં બંને પગ ભાંગી ગયાની ઘટના સામે આવી છે. મંગળવારની રાતની આ ઘટના વખતે ગૌ સેવાભાવીઓ પહોંચી ગયા હતા અને આખલાને સારવાર માટે પોતાની સંસ્થામાં લઈ ગયા બાદ હવે આખલાને મોરબીમાં હોસ્પિટલ ધરાવતી વૃંદાવન ગૌશાળામાં લઈ જવા તજવીજ હાથ ધરી છે. આખલાને મુક્ત કરાવવા ટ્રોલીની ગ્રીલ તોડવી પડી હતી. કોર્પોરેશનની ટ્રેક્ટર-ટ્રોલીની જાળીમાં આખલો ફસાઈ જવાની ઘટનાને જોઈને સંખ્યાબંધ લોકો ઉભા રહી ગયા હતા. તેમજ મદદ માટે દોડયા હતા. ગૌ સેવાના કાર્યો કરતા સેવાભાવીઓએ પણ તંત્રની ટીમને મદદ કરી હતી. લોકોની મદદથી સોલીડ વેસ્ટ વિભાગની ટીમને આખરે હચમચાવી-હચમચાવીને ટ્રેકટરના ટ્રેઈલરની લોખંડની ફ્રેમ તોડવી પડી હતી.

અનુ પાના નં.૨ પર

# ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણીઓએ મહામહીમ રાજ્યપાલની મુલાકાત લીધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની મુલાકાતે આવેલા ગુજરાત રાજ્યના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી જામનગર ચેમ્બર ખાતે એક કાર્યક્રમમા આવેલ હતા. આ તકે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમણીકભાઈ પી. અકબરી, ઉપ પ્રમુખ અજેશભાઈ વી. પટેલ, મંત્રી કૃણાલભાઈ વી. શેઠ, ખજાનચી તુષારભાઈ વી. રામાણી, માનદ સંપાદક કેયૂરભાઈ ખટ્ટર તથા સંસ્થાના પૂર્વ પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા એ રાજયપાલ ની શુભેચ્છા મુલાકાત કરેલ હતી.



તસવીરઃ હિરેન ગાંધી

ચેમ્બર ની પ્રણાલિકા અનુસાર ચેમ્બર પ્રમુખ રમણીકભાઈ પી. અકબરીએ રાજયપાલનું શાલ ઓઢાળી સન્માન કરેલ હતું તેમજ ઉપસ્થિત હોદેદારોએ રાજયપાલને મોમેન્ટો અર્પણ કરેલ હતો.

તેમજ ચેમ્બર ના તત્કાલિન પુવ પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા એ રાજયપાલને ચેમ્બરની સ્થાપના વિષે માહિતી આપેલ હતી. આ શુભેચ્છા મુલાકાત પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા, તથા આયુર્વેદચાર્ય ડો. હિતેશભાઇ જાની ઉપસ્થિત રહેલ હતા.

# ભાણવડનો શખ્સ ગાંજાના જથ્થા સાથે આબાદ ઝડપાયો

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના હુસેની ચોક વિસ્તારમાં રહેતા રિઝવાન ઈસુબભાઈ અયુબભાઈ બ્લોચ નામના ૨૦ વર્ષના મકરાણી યુવાનને એસ.ઓ.જી. પોલીસે તેના રહેણાંક મકાનમાંથી રૂ. ૧૫૨,૮૦૦ ની કિંમતના ૩.૦૫૬ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો.

આ ગાંજો તેણે વિસનગરના રહીશ તાજમહંમદ જાનમહંમદ ફકીર નામના શખ્સ પાસેથી વેચાણ અર્થે મેળવ્યો હોવાનું કબુલતા આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ તેની અટકાયત કરી, તાજમહંમદ ફકીરને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

આ સાથેની કાર્યવાહીમાં ઉપરોક્ત આરોપી રિઝવાન ઈસુબભાઈ બ્લોચના રહેણાંક મકાનમાંથી ચેકીંગ દરમિયાન પોલીસને રૂપિયા ૩૪,૮૫૭ ની કિંમતની વિદેશી દારૂની નાની-મોટી કુલ ૯૧ બોટલ મળી આવી હતી. આ દારૂ તેણે પોરબંદર જિલ્લાના હનુમાનગઢ ખાતે રહેતા ચના રબારી નામના શખ્સ પાસેથી વેચાણ અર્થે મેળવ્યો હોવાનું જાહેર થયું છે. જે અંગે ભાણવડ પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# ચંદ્રાગા ગામે ત્રણ મંદિરોમાં હાથ સાફ કરનાર તસ્કર બેલડી ઝડપાઇ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ચંદ્રાગા ગામના ચામુંડા માતાજી મંદિરેથી પંચધાતુના છત્ર અને સોનાનું છત્ર, ખોડિયાર માતાજી મંદિરેથી પિત્તળનો ઘંટ તેમજ વાકોલ માતાજીના મઢમાંથી સોનાનું ફં (થળો) મળી કુલ અંદાજે ૩.૧૦ લાખની કિંમતનો મુદ્દામાલ ચોરી થયો હતો.

આ ગુનાની તપાસ દરમિયાન સર્વેલન્સ સ્ટાફને મળેલી બાતમીના આધારે દરેડ ગામની સરદાર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે કાર્યવાહી કરી આરોપી સિદ્ધરાજસિંહ ઉર્ફે સિધો વનરાજસિંહ જાડેજા (રહે. ચંદ્રાગા) અને હાર્દિક સુરેશભાઈ દુધાગરા (હાલ રહે. જામનગર, મૂળ વિજયપુર)ને ચોરાયેલા મુદ્દામાલ



તસવીરઃ હિરેન ગાંધી

સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી સોનાનું છત્ર, સોનાનું થળો તથા પંચધાતુના છત્ર સહિત અંદાજે ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સમગ્ર કાર્યવાહી પંચકોષી "બી" ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે હાથ ધરી હતી.

# ખંભાળિયામાં ૩૭ હજારનાં દારૂ સાથે એક શખ્સ પકડાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના યોગેશ્વર નગર વિસ્તારમાં આવેલી એક શાળા પાસે રહેતા વિશાલ નીતિનભાઈ ઉર્ફે કુમાર સોમૈયા નામના ૨૮ વર્ષના શખ્સ સાથે અત્રે બરછા સ્ટ્રીટ પાસે રહેતા પારસગર ઉર્ફે પાલીયો રમેશગર ગોસ્વામી નામના શખ્સોના કબજામાંથી પોલીસે રૂ૪૦,૧૬૯ ની કિંમતની વિદેશી દારૂની ૪૩ બોટલ તેમજ રૂ૪,૭૭૫ ની કિંમતના વિદેશી દારૂના ૫૫ ચપલા તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૪૧,૯૪૪ ના મુદ્દામાલ સાથે આ

અનુ પાના નં.૨ પર

# હાલાર તીર્થ આરાધના ધામ ખાતે સંત શ્રી વિજયજી મ.સા.ની પુણ્યતિથિ નિમિત્તે સેવાકાર્યો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીક આવેલા હાલાર તીર્થ આરાધના ધામ ખાતે પ.પૂ. શ્રી વજસેન વિજયજી મ.સા.ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ ધાર્મિક તેમજ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલાર તીર્થ આરાધના ધામના સ્ટાફ પરિવારના સહયોગથી ખંભાળિયાના ઘી ડેમ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીના ૧૫૦ જેટલા ગરીબ બાળકોને પૂરી, શાક, બુંદી, ગાંઠિયાનું ભરપેટ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાંજરાપોળની



તસવીરઃ હિરેન ગાંધી

આશરે ૫૫૦ જેટલી ગૌમાતાઓને ગોળ, ખોળ, કપાસીયા અને પ્રોટીન પાવડર સાથેનું ભોજન ડો. ભૂમિબેન રાજેશભાઈ ખીમસરીયા (મોટા માંઢા, જામનગર) દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભગવાન શ્રી મહાવીર સ્વામીની આંગી પણ કરાયેલી હતી. અષાઢી બીજના દિને પાંજરાપોળની અબોલ ૫૫૦ ગાયોને વૈશાલીબેન દર્શન સાવલા તથા પૂજાબેન આદર્શ સાવલાના જન્મદિવસ નિમિત્તે માતૃશ્રી મણીબેન મોહનભાઈ સાવલા (વડાલીયા સિંહણ)ના સહયોગથી લાપસી ભોજન કરાવવામાં આવ્યું હતું.

# જામનગરના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં રથયાત્રા ઉત્સવ ઉજવાયો



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં રથયાત્રા ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જામનગર સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરપુષોત્તમ મહારાજ અને ભગવાન શ્રી જગન્નાથજીની પવિત્ર રથયાત્રા નિમિત્તે ભવ્ય અને ભાવભર્યો ઉત્સવ ઉજવવામાં આવ્યો. આ પાવન અવસરે સંતોના પાવન સાનિધ્યમાં હરિભક્તો અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લઈ ભગવાનના દર્શન, પૂજન, આરતી અને રથયાત્રાનો દિવ્ય લાભ લીધો. મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે સંતોએ ભગવાન જગન્નાથજીના, રથયાત્રાનું આધ્યાત્મિક મહત્ત્વ અને સત્સંગના મૂલ્યો અંગે પ્રેરણાદાયી આશીર્વચનો આપ્યા. હરિભક્તોએ ભજન-કીર્તન, ધૂન અને પ્રાર્થના દ્વારા સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. રથયાત્રામાં મોટી સંખ્યામાં હરિભક્તો, યુવાનો, બાળકો, મહિલાઓ તેમજ કાર્યકરો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન મંદિરના સંતો અને સેવાભાવી કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે સર્વે હરિભક્તોએ ભગવાન ના આશીર્વાદ પ્રાપ્ત કરી સમાજમાં શાંતિ, સુખ, સદભાવના અને આધ્યાત્મિક જાગૃતિ વધે તેવી પ્રાર્થના કરી હતી.

# કલ્યાણપુરનાં કબીરનગરમાં સગપણ બાબતે જુથ અથડામણમાં ધોકા-ધારીયાના ઘા સાથે પથ્થરમારો

## સામસામી ફરિયાદઃ ભરવાડ યુવાન સહિત અનેક ઘવાયાઃ ૧૪ સામે રાયોટીંગનો ગુનો દાખલ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુરના કબીરનગર વિસ્તારમાં રહેતા અર્જુનભાઈ હીરાભાઈ રાઠોડ નામના ૨૫ વર્ષના ભરવાડ યુવાન સાથે છેલ્લા સાત-આઠ મહિનાથી સગપણ બાબતે ચાલી રહેલા મનદુઃખ વચ્ચે ગઈકાલે ગુરુવારે આરોપી મંગરાભાઈ હાજાભાઈ ચાવડા, રાજાભાઈ હાજાભાઈ, માયા હાજાભાઈ, નાગજી માયાભાઈ, વિજય ગોવાભાઈ, ગોગન ધનાભાઈ, મચ્છા કુંભાભાઈ લાંબરીયા અને સાજીબેન મંગરાભાઈ ચાવડા નામના આઠ વ્યક્તિઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ફરિયાદી તથા સાહેદો પર લાકડાના ધોકા, ધારીયા વિગેરે વડે હુમલો કર્યો હતો.

આટલું જ નહીં, આરોપીઓએ બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું અર્જુનભાઈ રાઠોડની ફરિયાદમાં જાહેર થયું છે. સામા પક્ષે ગોગનભાઈ ધનાભાઈ ચાવડા (ઉ.વ. ૬૫, રહે વડત્રા, તા. ખંભાળિયા, હાલ કલ્યાણપુર) દ્વારા અર્જુન હીરાભાઈ રાઠોડ, નાગજી મચ્છાભાઈ રાઠોડ, દિનેશ મચ્છાભાઈ રાઠોડ ગોવિંદ નાથાભાઈ વેસરા (રહે. પાસ્તર), દિનેશ જીવાભાઈ વેસરા (રહે. રાજપરા) અને સામત લાલાભાઈ મકવાણા (રહે. ચંદ્રાવાડા) સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે ફરિયાદી ગોગનભાઈના કુટુંબીને આરોપી અર્જુનભાઈ સાથે છેલ્લા સાત-આઠ મહિનાથી સગપણ બાબતે મન દુઃખ ચાલ્યું આવતું હતું.

જે વચ્ચે આરોપીઓએ એકસંપ કરી, ગેરકાયદેસર રીતે મંડળી રચી, ધારીયા અને પથ્થર એવા મારક હથિયારો વડે હુમલો કરીને ફરિયાદી તથા સાહેદોને ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર બનાવ અંગે કલ્યાણપુર પોલીસે બંને પક્ષે કુલ ૧૪ વ્યક્તિઓ સામે બી.એન.એસ. અને જી.પી. એક્ટની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એસ.કે. બારડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# શંકરટેકરીનો જોખમી વિજથાંભલો હટાવાયો

## ધારાસભ્ય-કોર્પોરેટરની કાર્યવાહીથી જાનહાની ટળી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના વોર્ડ નં. ૩ માં આવેલા પંચશીલનગર - શંકર ટેકરી વિસ્તારમાં રામાપીર મંદિર પાસે જી.ઈ.બી.ના એક વીજ પોલમાં નીચેના ભાગે ગંભીર તિરાડ પડતાં તે જોખમી રીતે નમી ગયો હતો અને ગમે ત્યારે મોટી હોનારત સર્જાય તેવી સ્થિતિ ઊભી થઈ હતી, પરંતુ સ્થાનિક રહિશોની જાણ પરથી વોર્ડ નં. ૩ ના કોર્પોરેટર રાજુ યાદવે તાત્કાલિક ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીનો ટેલિફોનિક સંપર્ક સાધતાં અને ધારાસભ્યશ્રીએ જી.ઈ.બી.ના ઉચ્ચ અધિકારીઓને યુદ્ધના ધોરણે સૂચના આપતાં, વીજ તંત્રની ટીમે ઘટનાસ્થળે પહોંચી આ જોખમી પોલને સુરક્ષિત રીતે દૂર કર્યો હતો. ૨ઊંℓ?માં લેવાયેલા આ ત્વરિત પગલાં અને સમયસરની સંકલિત કામગીરીથી સંભવિત મોટી જાનહાનિ ટળતાં સ્થાનિક જનતાએ કોર્પોરેટર રાજુ યાદવ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તેમજ જી.ઈ.બી.ની સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# જામનગરમાં પ્રેમસંબંધની ના પાડનાર પરિણીતા ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર સોમનાથ સોસાયટીમાં રહેતી પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે દોઢ વર્ષ પહેલાં તેણીને દશરથ જાખલીયા સાથે પ્રેમ સંબંધ હતો અને બંને આશરે બે મહિના સાથે રહ્યા હતા. ત્યારબાદ પરિણીતા પોતાના પતિ સાથે રહેવા જતી રહી હતી. જોકે, આરોપી દશરથ ફરી પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. તા. ૧૫ જુલાઈના રોજ રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે ગોકુલનગર પાણાખાણ વિસ્તારમા આરોપીએ પરિણીતાને ફોન કરીને બોલાવી હતી. જ્યાં માથાકૂટ કરી દશરથ જાખલીયા અને

અનુ પાના નં.૨ પર

# ધ્રોલ અને લાલપુરના અમુક ગામોમાં ભારે વરસાદી ઝાપટા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જીલ્લામાં અષાઢી બીજ પર્વે પણ ભારે મેઘાવી માહોલ વચ્ચે મોડીસાંજ સુધી જનજીવન મેઘમહેરથી વંચિત રહયુ હતુ. ધ્રોલ અને લાલપુર પંથકમાં હળવા ભારે ઝાપટા વરસ્યા હતા. જયારે ધ્રોલના અમુક ગ્રામ્ય પંથકમાં બપોર બાદ હળવો વરસાદ પડયો હોવાના વાવડ મળ્યા છે. જામનગર જિલ્લામાં મોડીસાંજે પણ વરસાદી ડોળ યથાવત રહયો છે.

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે એકમાત્ર જામજોધપુર પંથકને બાદ કરતા સચરાચર મેઘવૃષ્ટી હજુ સુધી થઇ નથી. સમયાંતરે હળવા ભારે વરસાદી ઝાપટાઓ બાદ વરસાદના ઘોરીમાસ ગણાતા અષાઢના આરંભે પણ મેઘાવી માહોલ છવાયો હતો. જોકે, જામનગર શહેરમાં વહેલી સવારે જોરદાર



ઝાપટા બાદ ધ્રોલ અને લાલપુર પંથકમાં બપોર સુધી હળવા ઝાપટા વરસ્યા હતા. ધ્રોલ તાલુકાના ગરેડિયા ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના બાદના દિવસે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો.તેમાંય હારમાં ધ્રોલ તાલુકાની સગાળીયા ગામની સીમમાં વાયો વરસાદે નાના ચેકડેમમાં વ્યાપક નીર ઠાલવ્યા હતા. લાંબા સમયથી ચાલી રહેલા ઉકળાટ અને ગરમી બાદ હળવો વરસાદ વરસતા લોકોને થોડી રાહત મળી હતી, વરસાદ શ થતાં ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, મોડી સાંજ સુધી અન્યત્ર કયાંય નોંધપાત્ર વરસાદ વરસ્યો ન હતો.વરસાદ ખેંચાતા હવે દિન પ્રતિદિન પાક સાથે પાણીનુ ચિત્ર પણ ચિંતાજનક બની રહયુ છે. ત્યારે જગતના તાત આભ ભણી મીંટ માંડી મેઘરાજા કૃપા વરસાવે માટે પ્રાર્થના કરી રહયા છે.

# દ્વારકા વિસ્તારમાં દારૂ કેસના બે બુટલેગરો પાસા તળે જેલ હવાલે

## રણમલભાને કચ્છ અને રાયદેને રાજપીપળા જેલમાં ધકેલાયા





**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાલુકાના નાગેશ્વર ગામે રહેતા રણમલભા સામરાભા ઉર્ફે સામળાભા સુમણીયા અને ટોબર ગામે રહેતા રાયદેભા ટપુભા કેર નામના બે શખ્સો સામે સ્થાનિક પોલીસ મથકમાં સમયાંતરે દારૂ અંગેના જુદા જુદા ગુનાઓ નોંધાયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા દ્વારા જિલ્લાના બુટલેગરો, જાણીતા જુગારીઓ તેમજ અસામાજિક તત્વોને શોધી કાઢી, આ તમામ વિરૂધ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસની આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા ટોપમોસ્ટ ગુનેગારોના ગુનાહિત ઇતિહાસની માહિતી એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. ઉપયોગ બંને શખ્સોની પાસા દરખાસ્ત અહીંના જિલ્લા કલેકટર રાજેશ એમ. તન્ના સમક્ષ મૂકવામાં આવતા તેમણે આ અંગેનો ત્વરિત નિર્ણય લઈને દરખાસ્તોના કાગળના અભ્યાસ-અવલોકન બાદ આ બંને શખ્સોના પાસા મંજૂર કરી, અટકાયતી વોરંટ ઇસ્યુ કરવામાં આવ્યું હતું.

જેથી એલસીબી વિભાગના ઇન્ચાર્જ પી.આઈ. એન.એચ.

અનુ પાના નં.૨ પર

# જામનગર સંસદીય વિસ્તારમાં ૬.૭૭ કરોડના ૧૪૧ વિકાસ કામોની દરખાસ્ત

**સમય સંદેશઃ જામનગર**

સાંસદ પૂનમબેન માડમ દ્વારા જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લાના ગામોમાં પ્રાથમિક સુવિધાઓ વધારવા માટે MPLADS (સાંસદ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમ) હેઠળ સક્રિય કામગીરી હાથ ધરવામાં આવી છે. સાંસદ દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ. ૬.૭૭ કરોડના ખર્ચે ૧૪૧ વિકાસ કામોની દરખાસ્ત સંબંધિત જિલ્લા કલેક્ટરોને મોકલવામાં આવી છે. આ પૈકી અનુસૂચિત જાતિ (SC) વિસ્તારો માટે રૂ. ૧.૧૬ કરોડના ૨૬ કામો અને જામજોધપુર તથા ભાણવડના અનુસૂચિત જનજાતિ (ST) વિસ્તારો માટે રૂ. ૫૧.૫૦ લાખના ૧૧ કામો વિશેષ રૂપે સૂચવાયા છે.

સાંસદની આ દરખાસ્તોમાંથી જિલ્લા કલેક્ટર દ્વારા રૂ. ૫.૬૯ કરોડના ૧૨૦ કામોને પ્રાથમિક મંજૂરી આપ્યા બાદ, કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને રૂ. ૫.૨૪ કરોડના કુલ ૧૧૫ કામોને વહીવટી મંજૂરી સાથે ગ્રાન્ટ ફાળવણીના હુકમો પણ જારી કરી દેવાયા છે. હાલના તબક્કે આ યોજના હેઠળ રૂ. ૨.૩૫ કરોડના ખર્ચે ૫૨ જેટલા લોકાભિમુખ કામો સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યા છે, જ્યારે રૂ. ૧.૬૫ કરોડના ૩૪ કામો પ્રગતિ



હેઠળ છે. બાકી રહેલા રૂ. ૧.૨૪ કરોડના ૨૯ કામોને પણ વહેલી તકે પૂર્ણ કરવા માટે કલેક્ટર દ્વારા સમીક્ષા બેઠકમાં અમલીકરણ અધિકારીઓને કડક તાકીદ કરવામાં આવી છે. સાંસદ પૂનમબેન માડમ દ્વારા નિયમિતપણે યોજાતી દિશા (DISHA) સમિતિની બેઠકોમાં આ તમામ પ્રશ્નો અને કામોની સઘન સમીક્ષા થઈ રહી છે, જ્યારે સમગ્ર દેશની જેમ અહીં પણ પારદર્શિતા જાળવવા માટે 'ય-જક્ષસતવશ' પોર્ટલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# જામનગરમાં દારૂના નશામાં સાસરિયાના ઘરે તોફાન મચાવનાર બનેવી ઝડપાયો

## ૧૧૨ પર કોલ મળતાં પોલીસ પહોંચી, પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં મળતા પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં દારૂના નશામાં સાસરિયાના ઘરે પહોંચી ગાળો આપી હોબાળો મચાવનાર એક વ્યક્તિ સામે સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ ન્યૂ સાધના કોલોની, ગુજરાત હાઉસિંગ બોર્ડના ડી વિંગમાં રહેતી પૂજાબેન બિસ્માનસિંહ રાજપૂતે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ની મધરાતે તેમના બનેવી નારાયણપ્રસાદ કુંજબિહારી યાદવ (ઉ.વ. ૪૫), મૂળ બિહારના રહેવાસી અને હાલ સાધના કોલોનીમાં રહેતા, તેમના ઘરે આવ્યા હતા. તે સમયે તેઓ દારૂના નશામાં હતા અને ફરિયાદી તેમજ તેમના માતા-પિતાને અશ્લીલ ગાળો આપી ઝપાઝપી તથા બોલાચાલી કરવા

અનુ પાના નં.૨ પર

# જામનગરના વિવિધ જળાશયોમાં નાહવા કે પ્રવેશવા પર તા.૬ સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આવેલ જળાશયોમાં નાહવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આવી દુર્ઘટનાઓથી જીવ ગુમાવ્યાના કિસ્સા જામનગર જિલ્લામાં પણ બની ચુક્યા છે. આ અગાઉ પણ નજીકના ભૂતકાળમાં સેલ્ફી લેતી વખતે કે સોશીયલ મીડિયા માટે રીલ્સ/શોટ્સ બનાવતી વખતે નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ જેવા જળાશયોમાં પડી જવાથી માનવ ઇજા અને માનવ મૃત્યુ થયા હોવાની ઘટનાઓ સામે આવી છે.

તેમજ વરસાદના પરિણામે નદીઓમાં જળ પ્રવાહ વધી જાય છે. જેના કારણે જળાશયો કે નદીઓના પાણી જોવા જવાના કે નહાવા જવાના કિસ્સામાં નદી/જળાશયોમાં પડી જવાથી માનવ ઇજા અને માનવ મૃત્યુ થયા હોવાની ઘટના સામે આવતી હોય છે. આવા સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો હરવા ફરવા માટે આવતા હોય અને નાહવા કે અન્ય કારણોસર જતા દુર્ઘટનાઓ થતી હોય છે.

જેથી આવા સ્થળોએ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગ રૂપે જામનગર જિલ્લામાં આવેલા નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ તથા ચેકડેમ તેમજ એવા સ્થળો કે જ્યા વધુ પ્રમાણમાં જળ સંગ્રહ થયેલ હોય તેવા જળાશયોમાં નાહવા કે અન્ય કારણોસર લોકોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિમલ ચૌધરી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું તા.૬ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમ આદેશમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં હત્યા કેસના જામીન લીધા બાદ ફરાર થયેલ શખ્સને ઝડપી લેવાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સિક્કા પંથકમાં વર્ષ ૨૦૨૨ માં હત્યાનો બનાવ નોંધાયો હતો. આ કેસમાં મુખ્ય આરોપી તરીકે દેવાંગ ઉર્ફે કાનો રામભાઇ ચાવડા (ઉ.વ. ૩૫ રહે. જેકુરબેન સોની કન્યા વિદ્યાલય પાસે, જનતા ફાટક, જામનગર) ની સંડોવણી સામે આવી હતી. આરોપી સિક્કા પોલીસ ચોપડે ચડ્યા બાદ કેસ ચાલી જતા આરોપીને કોર્ટના હુકમ બાદ જામનગર જિલ્લા જેલમાં ધકેલી દેવાયો હતો.

જેલમાંથી વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ પરત જેલમાં હાજર થયો ન હતો અને ફરાર થઈ ગયો હતો, જેના કારણે પોલીસે ઓપરેશન કારાવાસ ૨ અંતર્ગત તેની શોધખોળ કરી રહી હતી. દરમિયાન સ્ટાફના પેરોલ ફર્લો સ્કોર્ડના ગજેન્દ્રસિંહ, સુરેશભાઇ, કરણસિંહ, લખધીરસિંહ અને દિલીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપી ફરાર થઈ ગયેલા કેદી દેવાંગ ઉર્ફે કાનો રામભાઇ ચાવડા (ઉં.વ.૩૫) ને જામનગરના ગોકુલનગર જકાતનાકા પાસેથી પકડી પાડી જેલમાં ધકેલી દેવાયો છે.



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરમાં બે સ્થળેથી જુગાર રમતાં આઠ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં જુગાર મામલે પોલીસે બે સ્થળે દરોડા પાડી ૮ શખ્સોને પકડી પાડ્યા હતા. શહેરના શકિતનગર વિસ્તારમાં જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા ચાર શખ્સોને સીટી સી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી પાડ્યા હતા. ઉપરાંત ગણપતનગરમાં જુગાર રમતા બે મહિલા સહિત ચારને પોલીસે પકડી પાડ્યા હતા.

સીટી 'સી' ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્કોડ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે શક્તિનગર વિસ્તારમાં ગલીમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમાતો હોવાનું જાણવા મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે કરશનભાઈ ભીમાભાઈ કરમુર (રહે.બબરઝર ગામ, લાલપુર), પ્રકાશભાઈ પીઠાભાઈ ગોજીયા (રહે. મયુરનગર, જામનગર), સિદ્ધરાજસિંહ સતુભા ચુડાસમા (રહે. ખોડીયાર કોલોની, જામનગર) અને સંદીપ યોગેશભાઈ ડુવા (રહે. ખોડીયાર કોલોની, જામનગર)ને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૪૨,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ સિવાઈ જામનગર શહેરના ગણપતનગર વિસ્તારમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા જમનાબેન હનીફભાઈ સાટી (ઉ.વ. ૪૫), ગુલસનબેન હાસમભાઈ મુખીયા (ઉ.વ. ૬૬), અલતાફ

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com